# સુરત મહાનગરપાલિકા

**કાર્યપાલક ઈજનેર**
નવો પૂર્વ ઝોન(સરથાણા)
સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં,
શ્યામધામ મંદિર ચાર રસ્તા પાછળ,
સરથાણા, સુરત.

ફોન : (ઓફીસ) +૯૧ ૬૩૫૯૯૦૯૬૦૬
+૯૧ ૬૩૫૯૯૦૯૫૦૬

ઈ–મેઈલ:
exen.ez.north@suratmunicipal.org

ઈ.ઝેડ/ સંમતિ પત્ર/ નં. ૩૪૫૭
તા. ૩૦/૧૦/૨૦૨૪

**–: સંમતિ પત્ર:–**

**પ્રતિ,**

**વિષય :–** નવો પૂર્વ ઝોન(સરથાણા) માં મોટાવરાછા–ઉત્રાણ વિસ્તારમાં આવેલ વિવિધ મ્યુ. બિલ્ડીંગોની દિવાલ પર તથા બ્રિજના એપ્રોચની દિવાલો પર સુશોભિત વોલ પેઈન્ટીંગ તથા શહેરી જનોમાં સ્વચ્છતા સંદર્ભે જાગૃતિ આવે એવા વિવિધ પ્રકારના વોલ પેઈન્ટીંગ કરવાનું કામ

**સંદર્ભ :–** (૧) સ્થા.સ.ઠ.નં.૪૮/૨૦૨૨, તા.૦૬/૦૧/૨૦૨૨ થી મંજુર થયેલ યુનીટ રેઈટનાં ભાવે અને શરતે

(૨) મે.ડે.મ્યુ.કમિશનરશ્રી.તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજની મંજુરી

**મહાશય,**

નવો પૂર્વ ઝોન(સરથાણા) માં મોટાવરાછા–ઉત્રાણ વિસ્તારમાં આવેલ વિવિધ મ્યુ. બિલ્ડીંગોની દિવાલ પર તથા બ્રિજના એપ્રોચની દિવાલો પર સુશોભિત વોલ પેઈન્ટીંગ તથા શહેરી જનોમાં સ્વચ્છતા સંદર્ભે જાગૃતિ આવે એવા વિવિધ પ્રકારના વોલ પેઈન્ટીંગ કરવાનું કામ સંદર્ભ(૧) મુજબ સ્થા.સ.ઠ.નં.૪૮/૨૦૨૨, તા.૦૬/૦૧/૨૦૨૨ થી મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતોને આધિન રૂા. ૫,૦૦,૦૦૦.૦૦ (GST સહિત) ની ખર્ચ મર્યાદામાં કામગીરી કરાવવાનું સંદર્ભ(૨) હેઠળથી મંજુરીથી મંજુર કરવામાં આવેલ છે. જે કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ તા.૦૫/૧૧/૨૦૨૪ સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**–: શરતો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૫,૦૦૦ /– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે ફર્મનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામના તથા ચાલુ કામના વર્કઓર્ડરની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૪. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૫. ઈજારદારે શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતોને બંધનકર્તા રહેશે.
૬. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.
૭. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રેહેશે.
૮. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૯. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.
૧૦. સદર કામગીરી ઉકત મંજુર થયેલ યુનીટ રેઈટ ટેન્ડરના Detailed Technical Specification મુજબ કરવાની રહેશે.

**કાર્યપાલક ઈજનેર**
**નવો પૂર્વ ઝોન(સરથાણા)**
**સુરત મહાનગરપાલિકા**